**<u>એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ શ્રી આર. એચ. ચૌહાણ સાહેબશ્રીનાઓની કોર્ટમાં,ઉમરગામ</u>**

| | |
|---|---|
| | **CC/2370/2026** |
| | **Ex-9** |
| **Comp. :-** | **Government of Gujarat** |
| | **Vs** |
| **Accused :-** | **JIGNESHBHAI TULASHIDASBHAI PATEL** |
| **Add-** | **Dehri, Katwad Faliya, Ta. Umargam, Dist. Valsad** |

ગુન્હો:–<u>ગુજરાત પ્રોહીબીશન એક્ટ,૧૯૪૯ની કલમ–૬૫એએ મુજબ</u>...

–: ઠરાવ :–

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ગુન્હાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે,સમયે તથા સ્થળે પોતાના કબ્જામાં દેશી/વિદેશી દારૂ નો પ્રોહી મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે રાખી, ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૬૫એએ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી ઉપરોક્ત ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ, જે અનુસંધાને ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

આરોપી સામે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ પોતાની સામેના ગુન્હાનો સ્વેચ્છીક રીતે સ્વીકાર કરેલ છે. તેમજ અલાયદા કબુલાત પુરસીસ રજુ કરી સ્પષ્ટ પણે ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરવા ખાતરી આપેલ છે. તેમજ આર્થિક સ્થિતીને ધ્યાને લઇ, ગરીબવર્ગના માણસ હોય દયા કરવા અરજ કરેલ છે.

(૩) નામદાર ગુજરાત હાઇકોર્ટના **<u>ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસીંહ હીરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯,</u>** ના ચુકાદામાં ઠરાવેલ લીગલ રેશીયોને ધ્યાને લીધો તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, કેસના સંજોગો, ગુન્હાની ગંભીરતા, પ્રમાણ તથા આરોપીની સ્થિતીને ધ્યાને લેતા યોગ્ય કારણો હોય તો કાયદામાં પ્રવર્તમાન સજા કરતા ઓછી સજા કે ઓછો દંડ અદાલત કરી શકે છે .

કાયદાનો હેતુ માત્ર અને માત્ર ડીટેરેન્ટ નથી, પરંતુ સુધારાત્મક પણ છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેમજ આરોપીની આર્થિક સ્થિતિ,સજાની જોગવાઇ વિગેરે સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને નિયત સજા કરતાં ઓછી સજા કે ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતને માનવું હોય,ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–: <u>આખરી હુકમ</u> :–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૧/ બી.એન.એસ.એસની કલમ–૨૬૪ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી, **રૂપીયા ૩૦૦/– (અંકે રૂપીયા ત્રણસો પુરાં)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, આરોપીને દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

પ્રોહીબીશન મુદ્દામાલ દારૂનો નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place :- UMBERGAON
Date :- 10/08/26

**(R.H.CHAUHAN)**
Additional Judicial Magistrate F.C.
Umbergaon
(G.J.01612)